RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 234, Dt.20-12-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# જંત્રીદરમાં દર વર્ષે ૨૫ ટકાના વધારાની ફોર્મ્યુલા પર વિચારણા

## વિવાદ ઉકેલાય તેવા સંજોગોઃ રાજયભરમાં ઉઠેલા વિરોધ વંટોળ વચ્ચે વાંધાસૂચનોની ચકાસણીની સાથોસાથ કાયમી ઉકેલ લાવવાનો વ્યુહ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રચંડ વિરોધને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર જંત્રીના દરોમાં આગામી ત્રણ વર્ષ સુધી સમયાંતરે વધારો કરવાની દરખાસ્ત રજૂ કરવા વિચારી રહી છે. આમ તો જંત્રીના નવા દરો જાહેર થઈ ચૂકયા છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તો ૧૦૦ ટકા કરતા પણ વધુ વધારો કરાયો છે.

આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર મહારાષ્ટ્રની જેમ આગામી ત્રણ વર્ષ માટે પ્રત્યેક વર્ષે જંત્રીના દરોમાં ૨૫ ટકાનો વધારો કરવા વિચારી રહી છે. રાજ્ય સરકારે સત્તાવાર રીતે ગત ૨૦ નવેમ્બરના રોજ જંત્રીના દરો જાહેર કર્યા હતા. સરકારે આ દરોને જાહેર જનતા માટે પબ્લિક ડોમેઈનમાં મૂક્યા હતા અને તમામ સંબંધિત પક્ષકારો પાસેથી તેને લગતા વાંધા-વિરોધ અને સૂચનો પણ મંગાવ્યા હતા.

આ દરો સામે વાંધો-વિરોધ નોંધાવવા માટે આરંભમાં એક મહિનાની મુદત આપવામાં આવી હતી, પરંતુ સંબંધિત પક્ષકારોએ સૂચનો આપવા માટે મુદતમાં વધારો કરવાની માંગ કરતા આ મુદત વધારીને ૨૦ જાન્યુઆરી સુધીની કરી દેવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન સરકારને ઘણી બધી ફરિયાદો મળી હતી. જેમાં પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે જાહેર કરાયેલા જંત્રીના દરો તદ્દન ગેરવાજબી અને બિન-તાર્કિક છે અને તેમાં આડેધડ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

રિયલ એસ્ટેટ ડેવલપર્સની સંસ્થા ક્રેડાઈ પણ નવા જંત્રીના દરો સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને માંગ કરી હતી કે સૂચનો અને વાંધા-વિરોધ નોંધાવવા માટેની મુદત વધારીને ૩૧ માર્ચ સુધીની કરાય.

ક્રેડાઈએ કહ્યું હતું કે, રાજ્યમાં ૪૦,૦૦૦ જેટલા વેલ્યૂ ઝોન આવેલા છે અને તેનો અભ્યાસ હાથ ધરવાનો હવે સમય પાકી ગયો છે. સરકાર દ્વારા



જાહેર કરાયેલા નવા દરો ડેવલપર્સને તો અસર કરશે જ પરંતુ તેનાથી ખેડૂતોને પણ મોટુ નુકસાન થઈ શકે છે. જાહેર કરાયેલા દરોના માળખાનો એકવાર વિગતવાર અભ્યાસ પૂર્ણ થાય ત્યારબાદ તેની રજૂઆત કરવા માટે પણ વધુ સમયની જરૂર પડશે.

ગુજરાતમાં સરકારે જાહેર કરેલા નવા સુચિત જંત્રીદર વધારા સામે રાજયવ્યાપી વિરોધ વંટોળ ઉઠયો જ છે અને વાંધા સુચનોના ઢગલા થયા છે. રાજય સરકાર સમક્ષ અત્યાર સુધીમાં ૫૩૦૨ વાંધા રજુ થયા છે તેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી.

સુત્રોના કહેવા પ્રમાણે વાંધા સુચનો મંગાવવાની મહેતલ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ની કરી દેવામાં આવી છે. તેમાં કોઈ વધારો કરવામાં નહી આવે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવેલા ૫૩૦૨ વાંધા સુચનોની સમીક્ષા કરી હતી અને તેની સ્થાનિક તંત્ર સાથે ચકાસણી કરવા સુચના આપી હતી. ઓફલાઈન વાંધા માટે છેલ્લા એકાદ સપ્તાહથી જ છુટ મળી હતી.

એટલે તે સંખ્યા માત્ર ૪૦૦ ની જ હતી. આવતા દિવસોમાં તેમાં મોટો વધારો થવાનું માનવામાં આવી રહ્યું છે. સુત્રોએ કહ્યું કે વાંધા સુચનોની ચકાસણીમાં જ લાંબો સમય લાગી શકે છે અને ત્યારબાદ જ જંત્રીદર લાગુ કરવાનો નિર્ણય થશે.આજે તમામ કલેકટર જીલ્લા વિકાસ અધિકારીઓની બેઠક છે તેમાં પણ જંત્રી મુદ્દે ચર્ચા થવાની સંભાવના છે. મહાનગર આસપાસ અર્બન ઓથોરિટીમાં સમાવિષ્ટ વિસ્તારોમાં પણ જંત્રી દર વધી શકે છે. ભવિષ્યમાં રીઅલ એસ્ટેટ ક્ષેત્રે મોટું રોકાણ આવી શકે તેવા વિસ્તારોમા પણ જંત્રી દર વધી શકે છે.

મહાનગરના જૂના શહેરી વિસ્તારો જ્યા વિકાસની તક નથી ત્યાં જંત્રી દર ઘટી શકે છે. આ ઉપરાંત અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં જંત્રીના દર ઘટી શકે છે.

# જયપુરમાં કેમિકલ ટેન્કરમાં વિસ્ફોટ થતા ૬ લોકો આગમાં ભડથું : ૩૭ દાઝયા

**મુખ્ય સમાચાર,જયપુર**

આજે સવારે જયપુરના ભાંકરોટામાં અજમેર હાઈવે પર દિલ્હી પબ્લીક સ્કુલની સામે કેમિકલ ભરેલા ટેન્કરને ટ્રકે ઠોકર મારતા કેમિકલ ભરેલા ટેન્કરમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને આગ લાગતા તેની ઝપટમાં આવેલા ૪૦ જેટલા વાહનો ખાખ થયા હતા. આ દુર્ઘટનામાં ૬ લોકો ભડથુ થઈ ગયા હતા જયારે ૩૭ જેટલા લોકો દાઝી ગયા હતા આ આગમાં ઝપટમાં આવેલી એક ફેકટરી ખાખ થઈ ગઈ હતી. અજમેર હાઈવે બંધશુક્રવારે સવારે જયપુરમાં અજમેર હાઈવે પર દિલ્હી પબ્લિક સ્કૂલની સામે કેમિકલથી ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો. અકસ્માતમાં ૬ લોકો જીવતા ભડથુ



થઈ ગયા હતા અને ૩૭ લોકો દાઝી ગયા હતા. ટેન્કરને ટ્રકે ટક્કર મારી હતી. જેના કારણે ટેન્કરમાં વિસ્ફોટ થયો અને સળગતું કેમિકલ ૨૦૦ થી ૩૦૦ મીટર દૂર ફેલાઈ ગયું હતું.

જ્યાં જ્યાં કેમિકલ ઢોળાયું ત્યાં આગ ફાટી નીકળી હતી. ૪૦થી વધુ વાહનોમાં આગ લાગી હતી. અનેક વાહનો એવા હતા જેમાંથી લોકોને બહાર નીકળવાની તક મળી ન હતી.

ટેન્કરની પાછળ દોડતી સ્લીપર બસ અને હાઈવેની બાજુમાં આવેલી પાઈપ ફેક્ટરી પણ બળી ગઈ હતી. વિસ્ફોટ અને આગના કારણે હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. દુર્ઘટના સ્થળે કેમિકલ ફેલાઈ જવાને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.બ્લાસ્ટની માહિતી મળતાની સાથે જ ૩૦થી વધુ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દુર્ઘટના સ્થળે ગેસ ફેલાઈ જવાને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અકસ્માતની માહિતી મળતા જ મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે ડોક્ટરો પાસેથી ઘાયલોની માહિતી લીધી છે. મળતી માહિતી મુજબ કેમિકલ ટેન્કર અજમેરથી જયપુર તરફ આવી રહ્યું હતું. તે દિલ્હી પબ્લિક સ્કૂલની સામેથી અજમેર તરફ યુ-ટર્ન લઈ રહ્યો હતો. દરમિયાન જયપુર તરફથી આવી રહેલી ટ્રકે ટેન્કર સાથે ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ટેન્કરમાં રહેલું કેમિકલ ૨૦૦ થી ૩૦૦ મીટર સુધી ફેલાઈ ગયું હતું. જ્યાં જ્યાં કેમિકલ ઢોળાયું ત્યાં આગ ફાટી નીકળી હતી. અનેક વાહનો એવા હતા જેમાંથી લોકોને બહાર નીકળવાની તક મળી ન હતી.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે અકસ્માત એટલો ભયાનક હતો કે થોડીવારમાં નજીકના વાહનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આ કેમિકલ ટેન્કરમાં બ્લાસ્ટ થયો હતો. જ્યારે બ્લાસ્ટ થયો ત્યારે તેની પાછળ એક સ્લીપર બસ પણ હતી.

ટેન્કરમાં બ્લાસ્ટ થયા બાદ સમગ્ર વિસ્તારમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું કે કેમિકલની દુર્ગંધના કારણે અકસ્માતમાં ફસાયેલા લોકો સુધી પહોંચવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી.

# મહારાષ્ટ્રના પૂણેમાં ભયાનક અકસ્માત, ૪૦ મુસાફરો સાથે બસ પલટી, ૫ લોકોનાં ઘટનાસ્થળે જ મોત

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મહારાષ્ટ્રના પૂણેમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. અહીં એક ૪૦ મુસાફરોથી ભરેલી બસ અચાનક પલટી ખાઈ જતાં ચીસાચીસ મચી ગઈ હતી. આ ઘટનામાં લગભગ ૧૩-૧૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ અકસ્માત પૂણેના તમ્હાની ઘાટ નજીક સર્જાયો હતો. અહીં એક ખતરનાક વળાંક આવી જતાં બસ પલટી ખાઈ ગઈ હોવાનું મનાય છે. આ દુર્ઘટનામાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. દુર્ઘટનાસ્થળેથી સામે આવેલી તસવીરો પણ ડરામણી છે.

અહેવાલ અનુસાર આ બસ અકસ્માત સવારે ૮ વાગ્યાની આસપાસ થયો હતો. જ્યારે બસ



ચાકનથી મહાડ તરફ જઈ રહી હતી. બસમાં લગભગ ૪૦ મુસાફરો સવાર હતા. આ તમામ લોકો એક લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. ત્યારે અચાનક જ ખતરનાક વળાંક પર બસ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ એક બાજુ નમી ગઈ હતી.

# રાજકોટ-અમદાવાદ હાઈવેને ચોટીલા નજીક બાયપાસ કરાશે, સરકાર પાસે મંજૂરી માગવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-અમદાવાદ સિક્સલેન એક્સપ્રેસ હાઈવેનું કામ હજુ ચાલી રહ્યું છે. ત્યારે આ રોડ પર ખાસ કરીને અમદાવાદ-રાજકોટ વચ્ચે મુસાફરી કરતાં લાખો વાહનચાલકોને સૌથી વધુ ટ્રાફિક જામની સમસ્યા પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ડુંગર પાસે નીકળતાં આ હાઈવે પાસે નડે છે. આ અન્વયે હવે આ રસ્તો માત્ર ચોટીલામાં જવા માટે રહેશે અને રાજકોટથી સીધા અમદાવાદ કે અમદાવાદથી સીધા રાજકોટ જવા ઈચ્છતા વાહનો માટે આટલી જ સાઈઝનો નવો હાઈવે ચોટીલાને બાસપાય કરીને બનાવવા પ્રક્રિયા શરુ થઈ છે.

મળતી માહિતી અનુસાર,



રાજકોટથી ચોટીલા જતા ચામુંડા માતાજીના ડુંગરનો ગેઈટ આવે તે પહેલા હાઈવે પર એક ઓવરબ્રિજ આવે છે. આ બ્રિજ પહેલા જ ચાણપા ગામ પાસેથી કૂલ આશરે ૨૧૯ કરોડ રૂપિયાના ખર્ચે નવા ૬૦ મીટર (૨૦૦ ફૂટ) પહોળાઈનો અને આશરે ૭ કિ.મી.લંબાઈનો સિક્સલેન રોડ બનાવાશે. જે સીધો ચોટીલાને ઓળંગીને લિંબડી તરફ સાંગાણી ગામ પાસે નીકળીને સીધો અમદાવાદ એક્સપ્રેસ હાઈવેને મળશે.

ઉલ્લેખનીય છે કે ચોટીલા ડુંગરે દર પૂનમના દિવસે ૧થી ૨ લાખ યાત્રિકો આવતા હોય છે, દર રવિવારે પણ પચાસ હજારથી એક લાખ અને તહેવારોમાં પણ આટલી મેદની રહેતી હોય છે જેના કારણે અહીં લગભગ રોજ એક કિલોમીટરનો ગીચ ટ્રાફિક જામ સર્જાય છે. આમ, રાજકોટ-અમદાવાદ એક્સપ્રેસ રોડને બદલે આ સ્થળે ગાડા માર્ગ કરતાં વધુ ધીમો પડી જાય છે.

જોકે, આ રોડના કામ માટે જો કે હજુ સરકારમાંથી મંજૂરી મંગાઈ છે અને મંજૂરી બાદ તેની કામગીરી આગળ વધશે.

# સતત બીજા દિવસે સંસદ પરિસરમાં દેખાવો : શિયાળુ સત્રનો અંત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ડો. બાબાસાહેબ આંબેડકર અંગેના વિધાનો પર સર્જાયેલી ધમાલ અને ગઈકાલે લોકસભા પરિસરમાં જે રીતે ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધકકામુકકી સહિતની ઘટનાઓમાં આજે પણ સ્થિતિ યથાવત રહી હતી અને કોંગ્રેસ પક્ષે સંસદ સુધી રેલી યોજી હતી.

તો બીજી તરફ ભાજપના સભ્યોએ પણ સંસદ પરિસરમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ વિરોધી દેખાવો કર્યા હતા અને લોકસભાનું કામકાજ શરુ થતાં જ ફરી એક વખત ધમાલ થતાં આ ગૃહને હવે અચોક્કસ મુદત સુધી મુલત્વી રાખવામાં આવ્યું છે જ્યારે બીજી તરફ રાજ્યસભામાં આજે શિયાળુ સત્રના કામકાજનો અંતિમ દિન છે અને તે સાથે જ સંસદના શિયાળુ સત્રનો અંત આવી જશે.

કોંગ્રેસે ગઈકાલની ઘટનાઓના વિરોધમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામા અને માફીની માંગણી સાથે વિજય ચોકથી સંસદ ભવન સુધી રેલી યોજી હતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે ગઈકાલની ઘટના પણ સુનિયોજીત હતી અને તે માટે ગૃહમંત્રીએ માફી માંગવી જોઈએ. આ રેલીમાં કોંગ્રેસના તમામ સાંસદો અને વરિષ્ઠ નેતાઓ જોડાયા હતા.

બીજી તરફ સંસદના પરિસરમાં ભાજપે ફરી એક વખત દેખાવો કર્યા હતા અને રાહુલ ગાંધીના સસ્પેન્સનની માંગણી કરી હતી. લોકસભામાં આજે સત્રાવસાન જાહેર કરાયું છે અને હવે આગામી વર્ષે બજેટ બેઠક જ મળશે

જો કે સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવે કહ્યું કે સત્રની સમાપ્તી થાય છે પરંતુ મુદો ખત્મ નહીં થાય. રાજ્યસભામાં પણ બપોરે ૧૨ વાગ્યા સુધી ધમાલ બાદ મુલત્વી રાખવામાં આવી હતી. બન્ને ગૃહોમાં ભાજપ અને કોંગ્રેસ પોતા-પોતાના મુદ્દાને આગળ ધરીને સભા મોકુફીની દરખાસ્ત મુકી હતી પરંતુ તે હાથ ધરાઈ તેવી શકયતા નથી.

ગઈકાલની ધમાલના મુદ્દે આજે લોકસભામાં રાહુલ ગાંધી વિરુધ્ધ ભાજપના સાંસદ નિશીકાંત દુબેએ સાંસદ તરીકે તેમને ગેરલાયક ઠરાવવા નોટીસ આપી છે. જો કે તેના પર હાલ કોઈ કાર્યવાહી થશે નહીં કોંગ્રેસ



તરફથી અમિત શાહના વિધાનો પર સભા મોકુફીની દરખાસ્ત પણ આપવામાં આવી હતી અને ભાજપના સાંસદોએ રાહુલ ગાંધીને સંસદના સભ્ય પદેથી ગેરલાયક ઠરાવવાની માંગણી સાથે દેખાવો કર્યા હતા. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી આજે ફરી એક વખત રાહુલના બચાવમાં આવ્યા હતા અને કહ્યું કે રાહુલ કદી કોઈને ધકો મારી શકે નહીં અને આ વાત પુરો દેશ જાણે છે. રાહુલ પરની એફઆઈઆર ખોટી છે. વાસ્તવમાં ભાજપની સચ્ચાઈ બહાર આવી ગઈ છે.

# દેશમાં રામમંદિર જેવા વિવાદો અન્યત્ર ઉભા કરવાનું બંધ થવુ જોઈએઃ મોહન ભાગવત

## સંઘ વડાનું સૂચક નિવેદનઃ સંભલથી અજમેર સુધી મસ્જીદ - દરગાહ સર્વેની માંગ પર બ્રેક લાગશે!

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં હાલ ચાલી રહેલા મંદિર-મસ્જિદ વિવાદો વચ્ચે આરએસએસ(રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ)ના પ્રમુખ મોહન ભાગવતે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે ફરી એકવાર તમામ ભારતીયોને જાતિ-ધર્મના ભેદભાવને ભુલી ભાઈચારા અને સદ્ભાવના કેળવવા અપીલ કરી છે. તેમજ જાતિ-ધર્મના આધારે રાજકારણ રમી રહેલા લોકો પર આકરા પ્રહારો પણ કર્યા હતા.

મોહન ભાગવતે સહજીવન વ્યાખ્યાનમાલામાં નભારત-વિશ્વગુરુપ વિષય પર વાત કરતાં જણાવ્યું હતું કે, મંદિર-મસ્જિદનો મુદ્દો ઉઠાવનારા લોકોને લાગી રહ્યું છે કે, તેઓ હિન્દુ નેતા બની જશે. પણ તે સ્વીકાર્ય નથી. આપણે લાંબા સમયથી સદ્ભાવનામાં રહ્યા છીએ. જો આ સદ્ભાવનાને વિશ્વ સુધી પહોંચાડવી છે, તો તેના માટે આપણે એક મોડલ તૈયાર કરવું પડશે. રામ મંદિર નિર્માણ બાદ અમુક લોકોને લાગે છે કે, તેઓ નવા સ્થળો પર આ પ્રકારના મુદ્દા ઉઠાવી હિન્દુ નેતા બની જશે. પરંતુ રામ મંદિરનું નિર્માણ તમામ હિન્દુઓની આસ્થાનો સવાલ હતો.વધુમાં ભાગવતે જણાવ્યું કે, આપણે રોજ નવો કિસ્સો ઉઠાવી રહ્યા છીએ. તેની મંજૂરી કેવી રીતે મળી શકે. ભારતે આ જોવું પડશે કે, આપણે ક્યાં જઈ રહ્યા છીએ. કોઈએ પણ ખાસ મુદ્દો અને સ્થળનું



નામ લેવું જોઈએ નહીં. હાલમાં જ મંદિરની ઓળખ કરવા માટે મસ્જિદના સર્વેક્ષણની માગ કરતી અનેક અરજીઓ કોર્ટમાં દાખલ થઈ છે. જે યોગ્ય નથી.

ભાગવતે તમામ ભારતીયોને ભેગા થઈ વર્ચસ્વની ભાષાનો ઉપયોગ કરવા અપીલ કરી છે. આરએસએસ પ્રમુખે જણાવ્યું કે, કોણ લઘુમતી અને કોણ બહુમતી? અહીં તમામ સમાન છે. આપણા દેશની પરંપરા છે કે, તમામ લોકો પોત-પોતાની પૂજા પદ્ધતિનું પાલન કરે. આપણે સૌએ સદ્ભાવના કેળવી નિયમો અને કાયદાના અનુપાલનમાં રહેવું જોઈએ.

# રાજયભરમાં વિજ કંપનીઓએ દાખલ કરેલી સ્માર્ટ મીટર યોજનાનો ફિયાસ્કો

## ગુજરાતમાં કુલ ૨.૯૬ લાખ સ્માર્ટ મીટર લાગ્યા; પીજીવીસીએલ હેઠળનાં સૌરાષ્ટ્ર - કચ્છમાં માત્ર ૨૯૦૨૩

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહીત રાજયભરમાં વિજ કંપનીઓએ દાખલ કરેલી સ્માર્ટ મીટર યોજનાનો ફિયાસ્કો થયા જેવો ઘાટ છે. આડેધડ બીલ આવતા હોવાના-નાણા કપાત થતા હોવાના દાવા સાથે સ્માર્ટમીટર લગાવવા બે ટકા રાહત આપતી હોવા છતાં સ્માર્ટ મીટર લગાવવા ગ્રાહકો તૈયાર થતા નથી.

વિજ કંપનીઓ ઓનર્જી ચાર્જમાં બે ટકા રાહત આપતી હોવા છતાં સ્માર્ટ મીટર લગાવવામાં સૌરાષ્ટ્ર-કચ્છમાં માત્ર ૨૯૦૨૩ સ્માર્ટ મીટર જ લગાવી શકી છે. સમગ્ર રાજયમાં કુલ ૨,૯૬,૦૦૪ સ્માર્ટ મીટર લાગ્યા છે.ઉતર ગુજરાત વિજ કંપની (યુજીવીસીએલમાં સૌથી વધુ ૧૪૬૮૦૫ એમજીવીસીએલમાં ૬૫૦૫૨ તથા પીજીવીસીએલમાં ૫૫૧૨૪ સ્માર્ટ મીટર લાગ્યા છે.

સ્માર્ટ મીટર યોજના હેઠળ વિજબીલનાં એનર્જી ચાર્જમાં બે ટકાનું રીબેટ આપતુ હોવા છતા ગ્રાહકોમાં રસ ઉભો થતો નથી. યુનિટદીઠ ૩.૫૦ રૂા.એનર્જીનાં ચાર્જમાં ગ્રાહકોને બે ટકાની માફી મળે છે.

રાજયની વીજ વિતરણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને આધુનિક બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ હેઠળ એક નોંધપાત્ર પહેલ સ્માર્ટ મીટરીંગ પ્રોજેકટ સમગ્ર દેશના અન્ય રાજયોની



સાથે ગુજરાતમાં પણ અમલમાં મુકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેકટ વીજ પુરવઠાની કાર્યક્ષમતા વિશ્વસનીયતા અને પારદર્શીતા વધારવા માટે અદ્યતન ટેકનોલોજીના લાભથી ગ્રાહકોને ડેટા અને તેમના ઉર્જા વપરાશ પર નિયંત્રણ રાખવા માટે સશકત બનાવે છે.

# ટેકવોન્ડો રમતમાં મોરબી જિલ્લાને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવતા નવજીવન તથા ન્યુ એરામાં અભ્યાસ કરતાં બાળકો



તા. ૨૭/૧૧/૨૦૨૪ થી તા. ૦૬/૧૨/૨૦૨૪ સુધી હોંગકોંગ મુકામે ટેકવોન્ડો રમતની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજવામાં આવેલ જેમાં ૧૨૦૦ જેટલા આંતરરાષ્ટ્રીય સ્પર્ધકો એ ભાગ લીધેલ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાત સરકારે મોરબીમાં આવેલ નવજીવન વિધાલય તથા ન્યુ એરા સ્કૂલ ના ૩ વિધાર્થીઓની પસંદગી કરેલ. પસંદગી થયેલ ત્રણેય વિધાર્થીઓએ પોતાની રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી મોરબીને ટેકવોન્ડોની રમતમાં આંતરરાષ્ટ્રીય ઓળખ સાથે મોરબીનું ગૌરવ વધારેલ આ માટે શાળા સંચાલક શ્રી હાર્દિકભાઈ પાડલિયા તથા મોરબી જિલ્લાના રમત વિકાસ અધિકારી શ્રી રવિભાઈ ચૌહાણ સાથે તથા મોરબીના ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયા અને શ્રી ડી.બી. પાડલિયા એ આ ત્રણેય બાળકોને રૂબરૂ મળી પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવેલ.

# જામનગરમાં કોંગ્રેસ દ્વારા ગૃહપ્રધાન અમિત શાહના વિવાદિત નિવેદન મુદ્દે વિરોધ પ્રદર્શન



જામનગરમાં કોંગ્રેસ દ્વારા સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરાયું, ૨૪ જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત.સંસદમાં અમિત શાહના બાબાસાહેબ આંબેડકર પરના વિવાદીત નિવેદનને લઈને ગુજરાતભરમાં વિરોધ જોવા મળી રહ્યો છે. ત્યારે જામનગર શહેરના લાલ બંગલા સર્કલ ખાતે કોંગ્રેસ દ્વારા ગૃહ મંત્રી અમિત શાહ વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી હાથમાં વિવિધ બેનરો રાખીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સંસદ ભવનમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિશે ટિપ્પણી બદલ ગૃહમંત્રી અમિત શાહને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે જામનગરના લાલ બંગલા સર્કલમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસે ૨૪ જેટલા કોંગી આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.સંસદ ગ્રહમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિશે બોલનારા ગૃહમંત્રી અમિત શાહને સસ્પેન્ડ કરવા સંદર્ભે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની રાહબરી હેઠળ તેમજ જામનગર શહેર કોંગ્રેસના અન્ય કોર્પોરેટરો ઉપરાંત દલિત સમાજના આગેવાનો લાલ બંગલા સર્કલમાં બેનર પોસ્ટર સાથે એકત્ર થયા હતા, અને અમિત શાહનો વિરોધ દર્શાવી સૂત્રોચાર કર્યા હતા.જે સમયે પોલીસ તંત્ર આવી પહોંચ્યું હતું, અને જાહેરમાં વિરોધ કરી રહેલા ૨૪ જેટલા કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. જે તમામને પોલીસ હેડ ક્વાર્ટર્સમાં લઈ જવાયા હતા. જોકે, મોડેથી તમામને મુક્ત કરી દેવામાં આવ્યાં છે.

# મોરબીમાં સ્પા પાર્લરની આડમાં ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ: ૨ આરોપી પકડાયા:૨ ફરાર

## મોરબી નેશનલ હાઈવે ઉપર ક્રિષ્ના ચેમ્બરમાં ભુરા સ્પા માં ચાલી રહેલ દેહવિક્રય પ્રવૃત્તિ પકડાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નેશનલ હાઈવે પર બેંક ઓફ બરોડા પાછળ આવેલ ક્રિષ્ના ચેમ્બરના ત્રીજા માળે નસ્ત્રભુરા સ્પાસ્ત્રસ્ત્ર માં દેહવ્યાપારની પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની બાતમીના આધારે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ રેડમાં ભુરા સ્પાનો માલીક અને મેનેજર એમ બે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે, જ્યારે હજુ એક મુખ્ય આરોપી સહિત બે શખ્સો દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મોરબી જીલ્લામાં સ્પાની આડમાં ચાલતી દેહવ્યાપરની પ્રવૃતિ બંધ કરાવવાની જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની કડક સૂચનાને અનુસંધાને બી ડિવિઝન પીઆઈ એન.એ.વસાવાને ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે મોરબી વાકાનેર નેશનલ હાઈવે બેંક ઓફ બરોડા પાછળ આવેલ ક્રિષ્ના ચેમ્બરના ત્રીજા માળે પભુરા સ્પામાંથ તેના સંચાલકો પોતાના આર્થીક લાભ માટે બહારથી રૂપ લલનાઓ બોલાવી સ્પા ના ઓઠા તળે લલનાઓ સાથે શરીર સુખ માણવા માટે સવલતો પુરી પાડીને કુટણખાનું ચલાવે છે. જે મુજબની મળેલ હકિકત આધારે આ પભુરા સ્પામાંથ રેઈડ કરતા દેહવિક્રીયના ધંધા સાથે જોડાયેલ સ્પાના સંચાલક તથા માલીક આરોપી પંકજભાઈ રમેશભાઈ સઠવા ઉવ.૨૪ રહે.હાલ ભુરા સ્પા એન્ડ હોટેલ તા.જી.મોરબી મૂળરહે. ભક્તિ ફળીયા હરખપુર તા.પાવી જેતપુર જી.છોટાઉદેપુર તથા સ્પા મેનેજર આરોપી નારણભાઈ પરષોતમભાઈ



સિતાપરા ઉવ.૩૬ રહે. મોરબી-૨ ઉમીયાનગર તા.જી.મોરબી વાળાઓની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી છે, પકડાયેલ બંને આરોપીની સઘન પૂછતાછમાં અન્ય બે આરોપી વિજયભાઈ ઉર્ફે ભુરાભાઈ જેરામભાઈ પટેલ રહે.મોરબી તથા હિતેષભાઈ ભદ્રેચા રહે.હાલ ભુરા હોટલ એન્ડ સ્પા ક્રિષ્ના ચેમ્બર મોરબી મૂળરહે.પોરબંદરવાળા ના નામ ખુલ્યા હતા, હાલ બી ડિવિઝન પોલીસે હાજર નહીં મળી આવેલ બંને આરોપીઓને ફરાર દર્શાવી ચારેય આરોપીઓ વિરૂધ્ધ ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પરેશ વસંત બંધુની અંતિમ યાત્રામાં ખ્યાતનામ કલાકારો-અગ્રણીઓ સહિત ચાહકવર્ગ જોડાયો





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરનું નામ હાસ્યરસ કલા ક્ષેત્રે દેશ-વિદેશમાં ગૌરવવંતુ કરનાર સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર પરેશ વસંત નબંધુથનું નિધન થતાં એક હાસ્યયુગનો અંત આવી ગયો છે. લાખો લોકોને હસાવનાર આ અનોખા જિંદાદીલ અદાકારે ૭૦ વર્ષની વયે દુનિયાને અલવિદા કરતાં જામનગર, સૌરાષ્ટ્ર અને ગુજરાતના કલાજગતમાં ગમગીનીનો સન્નાટો ફેલાવી દીધો. પરેશ વસંતની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અંતિમ યાત્રામાં ખ્યાતનામ કલાકારો સહિત બહોળી સંખ્યામાં લોકો જોડાયા.સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર પરેશ વસંતે વ્યારામાં અંતિમ શ્વાસ લીધા પછી તેમનાં પાર્થીવ મૃતદેહને જામનગર લાવવામાં આવ્યા હતા. જામનગરના મંગલબાગ વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં સાંઈરામ દવે સહિતના ખ્યાતનામ કલાકારો સહિત બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ સાથે કલાજગતના સ્થાનિક મહાનુભાવો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ અંતિમ યાત્રામાં જોડાઈને પરેશ વસંત શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉદાર અને માયાળુ સ્વભાવને કારણે બહોળું મિત્ર વર્તુળ ધરાવતા પરેશ વસંતનો વિશાળ ચાહક વર્ગ છે.

# મોરબીમાં વધુ ૬ બોગસ ડોક્ટરોની ધરપકડ: હળવદમાં ૫ અને ટંકારામાં ૧ ડોક્ટર પકડાયા

## હળવદ અને ટંકારામાં બોગસ ડોક્ટરો પર પોલીસની કાર્યવાહી: જનતાના આરોગ્ય સાથે ચેડા કરનાર ડોક્ટરો સામે કાયદેસરના પગલા

**મુખ્ય સમાચાર,મોરબી**

રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ અને મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ મોરબી જીલ્લામાં ડીગ્રી વિનાના ડોક્ટરોને પકડી પાડવાના અભિયાનના ભાગરૂપે અગાઉ ત્રણ બોગસ તબીબની અટકાયત કરવામાં આવી હતી જે બાદ ગઈકાલે હળવદ અને ટંકારા પોલીસે બે અલગ અલગ દરોડા કરીને ૬ બોગસ ડોક્ટરોને પકડી પાડવામાં આવ્યા છે. જેમાં હળવદમાં પાંચ અને ટંકારામાં એક ડોક્ટર કોઈ પ્રકારની તબીબી ડીગ્રી વિના લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હતા. પોલીસે એલોપેથી દવાઓ, ઈન્જેકશન, બોટલો સહિત કુલ રૂ. ૧.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી બોગસ ડોક્ટરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



હળવદ પોલીસ દ્વારા બોગસ ડોક્ટરોને પકડી પાડવાની કાર્યવાહીની મળતી વિગતો અનુસાર હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના અલગ અલગ ગામડાઓમાંથી કુલ છ બોગસ ડોક્ટરોને પકડી લેવામાં આવ્યા છે, હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી. વ્યાસના નેતૃત્વમાં દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં પાંચ બોગસ ડોક્ટરોને પકડી પાડવામાં આવ્યા હતા, આ ડોક્ટરો સરકાર માન્ય મેડિકલ ડિગ્રી વિના પ્રાઈવેટ કલીનીક ચલાવી રહ્યા હતા અને એલોપેથી દવાઓ દ્વારા દર્દીઓને ગેરકાયદેસર રીતે સારવાર આપી રહ્યા હતા. જે બોગસ તબીબ આરોપી ૧)સંદિપભાઈ મનુભાઈ પટેલ રહે. રુકમણી સોસાયટી, સરા રોડ, હળવદ (દવાખાનું લીલાપર ગામ ખાતે), ૨)વાસુદેવભાઈ કાંતીભાઈ પટેલ રહે.સુંદરભવાની તા.હળવદ મુળરહે. બેચરાજી જી.મહેસાણા(દવાખાનું સુંદરીભવાની ખાતે), ૩)પરીમલભાઈ ધિરેનભાઈ બાલા રહે.રણમલપુર તા.હળવદ મુળરહે.અશોકનગર તા.બિલાસપુર જી.રામપુર(યુ.પી.) (દવાખાનું રણમલપુર ગામ ખાતે), ૪)પંચાનન ખુદીરામ ઘરામી રહે. રાયસંગપુર ગામ, તા.હળવદ મુળ રહે. ગુમ્રા કોલોની તા.જી.પીલીભીતી (યુ.પી.) (દવાખાનું રાયસંગપુર ગામ ખાતે), ૫)અનુજ ખુદીરામ ઘરામી રહે. ઢવાણા તા.હળવદ મુળ રહે. ગુમ્રા કોલોની, તા.જી.પીલીભીતી (યુ.પી.) (દવાખાનું ઢવાણા ગામ ખાતે)ની ધરપકડ કરી અલગ અલગ કંપનીની ટેબ્લેટ તથા તબીબી સાધન સામગ્રી મળી કુલ કિ.રૂા.૫૧,૫૬૭/- નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

જ્યારે ટંકારા પોલીસ દ્વારા એક બોગસ ડોક્ટરને પકડી લેવામાં આવ્યો છે જેમાં ટંકારા તાલુકાના બંગાવડી ગામમાં ડો. જયકિશનભાઈ કાંતીભાઈ ભિમાણી નામના બોગસ ડોક્ટર લાયસન્સ વિના ભાડેના મકાનમાં મેડિકલ પ્રેક્ટિસ કરી માનવ આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો હતો, ટંકારા પીઆઈ એસ.કે. ચારેલના માર્ગદર્શન હેઠળ મળેલ બાતમી હકીકત આધારે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા એક ઈસમ એલોપેથી દવા આપવાની કોઈ જ ડીગ્રી નહી હોવા છતાં લોકોને એલોપેથી દવા આપી મેડીકલ પ્રેકટીસ કરતા તથા માણસોના આરોગ્ય સાથે ચેડા કરતા મળી આવેલ હતો. આ સાથે આરોપી જયકિશનભાઈ કાંતીભાઈ ભીમાણી ઉવ.૩૨ રહે.ટંકારા ઈન્દ્રપ્રસ્થ-૫ મુળગામ જબલપુર તા.ટંકારા જી.મોરબીવાળાની ધરપકડ કરવામાં આવી હતી, ટંકારા પોલીસે સ્થળ ઉપરથી એલોપેથીક દવાઓ તથા ઈન્જેકશન મળી કુલ કી.રૂ. ૧,૩૬,૪૮૩/- નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. મોરબી જીલ્લાના હળવદ અને ટંકારા પોલીસ દ્વારા પકડાયેલ તમામ આરોપી બોગસ ડોક્ટરો વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવી અને આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગર મહાનગરપાલિકાના ૭ એસઆઈ અને 33 એસએસઆઈ આંતરિક બદલીનો આદેશ કરાયો

જામનગર મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ શાખાના એસએસઆઈ તાજેતરમાં લાંચના કેસમાં ઝડપાયા બાદ કમિશનર દ્વારા એસઆઈ અને એસએસઆઈની આંતરિક બદલીનો આદેશ કરાયો હતો. જેમાં ૭ એસઆઈ અને ૩૩ એસએસઆઈની બદલી કરાતા જ સોલિડ વેસ્ટ વિભાગમાં ચર્ચા જાગી હતી.સોલીડ વેસ્ટ વિભાગમાં ઘણા લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હોય, તેમજ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતાં એસઆઈ અને એસએસઆઈની બદલીને લઈને કમિશનર દ્વારા આજે બદલીના આદેશો કરાયા હતાં. જેમાં ૭ એસઆઈના બદલીના આદેશ કરાયા છે. જેમાં પંકજ ગોહિલને વોર્ડ નં.૩ અને ૪, રાજીવ દત્તાણીને વોર્ડ નં.૧ અને ૨, અશોક નાઈને વોર્ડ નં.૫ અને ૬, દિપક પટેલને વોર્ડ નં.૧૧ અને ઝોન ૩ માં વધારાનો ચાર્જ સોંપાવમાં આવ્યો છે. ઉવર્શી પટેલને વોર્ડ નં.૧૩ અને ૧૪ ઉપરાંત ઝોન ૪નો વધારો હવાલો સોંપાયો છે. શશીકાંત દામોરને વોર્ડ નં.૯ અને ૧૦, રમેશ બાબરિયાને વોર્ડ નં.૭ અને ૮ માં આંતરિક બદલી કરાઈ છે. જ્યારે એસએસઆઈ તરીકે ફરજ બજાવતા વોર્ડ નં.૧ થી લઈને ૧૬ના ૩૩ એસએસઆઈની બદલી સામુહિક કરવામાં આવી છે.

# ગોંડલમાં પૈસાની ઉઘરાણીમાં યુવાનનું અપહરણ: બેની ધરપકડ

## પોલીસે ગણતરીની કલાકોમાં યુવાનને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી છોડાવ્યો: બે શખ્સોને દબોચી લેવાયા

ગોંડલમાં ગતરાત્રીનાં ગુંદાળા પેટ્રોલ પંપ પાસેથી બુલેટ માં આવેલા બે શખ્સોએ યુવાન નું અપહસણ કર્યું હતુ. પરંતુ એથડીવીઝન પોલીસે સતર્કતા દાખવી ગણતરીની કલાકો માં ગુંદાસરા નજીક થી યુવાન ને મુક્ત કરાવી અપહરણકર્તાઓ ને દબોંચી લઈ ૫ ખાખીથ નો પરચો બતાવી કાર્યવાહી હાથ ધરી હતી. પૈસાની લેતી દેતીમાં અપહસણ કરાયું હતુ. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ નાં જેતપુર રોડ પર આવેલી વૃંદાવન સોસાયટીમાં રહેતા અને દુધનો વ્યવસાય કરતા શુભમભાઈ દિનેશભાઈ તેરૈયા ને ગતરાતે -અમરેલીનાં માસીયાળા રહેતા અંકીત ધીરુભાઈ જાવીયા તથા મહેન્દ્ર ઉર્ફે ધનાભાઈ ભચલુભાઈ આલાણી કાઠી દરબારે ગુંદાળા દરવાજા પાસે આવેલા પેટ્રોલ પંપ નજીક બોલાવી માર મારી જબરદસ્તીથી બુલેટ પર બેસાડી અપહરણ કરી જતા શુભમ નાં કાકાએ એથ ડિવિઝન પોલીસ માં જાણ કરતા પીઆઈ.આનંદ સી.ડામોરે તુરંત બનાવ ની ગંભીરતા સમજી સર્વેલન્સ સ્ટાફ ઉપરાંત પોલીસ સ્ટાફ ની અલગ અલગ ટીમ બનાવી સીસીટીવી કેમેરાનાં ફુટેજ તથા ટેક્નિકલ સોર્સ અને હ્યુમન રીસોર્સ નાં આધારે તપાસ હાથ ધરી પીઆઈ ડામોર, પીએસઆઈ. જાડેજા, એએસઆઈ ખોડુભા જાડેજા, પ્રભાતસિહ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, મહેન્દ્રભાઈ વાળા ભાવેશભાઈ સારીયા, જયસુખભાઈ સોરીયા, હરેશભાઈ લુણી, રણજીતભાઈ બોરડ, પરેશભાઈ બારૈયા, મદનસિહ ચૌહાણ સહિત ની ટીમે અપહરણકર્તાઓ નું પગેરુ દબાવી ગણતરીની કલાક માં ગુંદાસરા ગામ દબોચીલઈ શુભમને મુકત કરાવ્યો હતો. અપહરણ કરનાર શખ્સોની પુછપરછ માં જણાવાયું કે એક વર્ષ પહેલા શુભમે અમરેલીના સંદીપભાઈ ગેડીયા પાસેથી રુ.૫.૧૦ લાખ ઉછીના લીધા હતા.જે પૈકી અઢીલાખ અંકીત નાં હતા.વારંવાર ની ઉઘરાણી છતાં પૈસા આપવામાં શુભમ મુદત આપી ગલ્લાતલ્લા કરતો હોય સોમવારે પૈસા આપવાનો વાયદો કર્યો છતા પૈસા નહીં આપતા અંકીત જાવીયા અને મહેન્દ્ર ઉર્ફે ધનાભાઈ ગતરાતે બુલેટ લઈ ગોંડલ આવી ગુંદાળા પેટ્રોલ પંપ નજીક ઉભા રહી શુભમ ને મોબાઈલ કરી બોલાવ્યો હતો.શુભમ આવતા પૈસાની ઉઘરાણી કરતા શુભમે ફરી વાયદા આપતા બન્નેએ શુભમને માર મારી બળજબરી થી બુલેટ પર બેસાડી અપહરણ કર્યુ હતુ.

# મોરબી જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા જનતા ને સાથે રાખી નગરપાલિકા ને વાહન કર વિરુદ્ધ વાંધા અરજી સાથે લેખિત આવેદનપત્ર આપ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નગરપાલિકા દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે કે મોરબી નગરપાલિકામાં કોઈપણ વ્યક્તિ વાહન લે તો વાહનકર ચુકવવો પડશે. મોરબી નગરપાલિકા વિસ્તારમાં રોડ-રસ્તા,ગટર વ્યવસ્થા, આરોગ્ય ની સુવિધા નો અભાવ હોવા છતાં મોરબી નગરપાલિકા દ્વારા વહાનકર નામનો વેરો આમ જનતા પર નાખીને કમર તોડવાના પ્રયાસો કરવા આવ્યા છે. ખાસ કરીને આ વેરો આમ જનતા ને ટાર્ગેટ કરીને રાખવામાં આવ્યો હોય તેવું લાગે છે કેમકે ખાસ કરીને રીક્ષા,છકડો, કે નાના ત્રણ વ્હિલ વાળા વહાનો નાના લોકોની રોજીરોટી માટે ખરીદતા હોય છે તો ત્યારે આવા કમરતોડ વેરો લગાડી ને નાના લોકોની રોજગારી છીનવાઈ જવાની



ભીતી સેવાઈ રહી છે.

નાના માણસો ને આ વહાનવેરો પોસાઈ તેવી પરિસ્થિતિ નથી છતાં નગરપાલિકા દ્વારા આ વેરો લગાડી દેવાની તૈયારી બતાવી છે ત્યારે મોરબી જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા આમ જનતા ને સાથે રાખી મોરબી નગરપાલિકા ના ઠરાવ વિરુદ્ધ આશરે ૫૦ જેટલી વાંધા અરજી કરવામાં આવી છે અને ચીફ ઓફિસર ને આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને આમ આદમી પાર્ટી ના જીલ્લા પ્રભારી પંકજભાઈ રાણસરીયા અને મોરબી જિલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલ દ્વારા જો આ વહાનવેરા નો ઠરાવ રદ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં મોરબી ની જનતા ને સાથે રાખી ને ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં સુકા અને લાલ મરચાની ૪૦૦ થી વધુ ભારીની આવક થઈ



જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં સુકા અને લાલ મરચાની ૪૦૦ થી વધુ ભારીની આવક.થઈ.જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં દિન પ્રતિ દિન જુદી-જુદી જણસની આવક થઈ રહી છે, અને ખેડૂતોને ઊંચા ભાવ મળી રહ્યા હોવાથી ખેડૂતો પણ ખુશખુશાલ નજરે પડી રહ્યા છે.હાપા માર્કેટિંગ યાર્ડમાં લાલ સુકા મરચાની ૪૦૦ ભારીની આવક થઈ હતી. જેમાં રેવા જાતિના મરચાંના ૨૮૦૦ થી ૩,૦૫૦ ભાવ બોલાવ્યો હતો. જ્યારે સાનિયા જાતિના મરચાના ૨,૪૦૦ થી ૨૭૦૦ રૂપિયાના ભાવે ભારીના સોદા થયા હતા. ઉપરાંત કડી કાબરા મરચાના ૫૦૦ થી ૧,૨૦૦ રૂપિયાના ભાવે શોદા થયા હતા. હજુ માર્કેટિંગ યાર્ડમાં ધીમે ધીમે લાલ મરચાની આવક શરૂ થઈ રહી છે, અને ખેડૂતોને સારી જાતના મરચામાં ઊંચા ભાવ મળી રહ્યા છે.

# નાયબ ઈજનેર પાંચ હજારની લાંચ લેતા ઝડપાયો

## ખેતરમાં વિજ કનેકશન આપવા માટે પૈસાની માગણી કરતાં એસીબીની ટીમે છટકું ગોઠવી દબોચી લીધો



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ પી.જી.વી. સી.એલ પેટા વિભાગની કચેરીના નાયબ ઈજનેરને ખેડૂતને ખેતરમાં વીજ કનેક્શન આપવા માટે રૂ.૫ હજારની લાંચની માગણી કરી હતી.જેથી આ મામલે એસીબીની ટીમ દ્વારા છટકું ગોઠવી ઈજનેરને રંગે હાથ લાંચ લેતા પકડી પાડી કાર્યવાહી કરી હતી. વિગત મુજબ ફરીયાદીના મોટાબાપુએ પોતાના ખેતરમાં વિજ કનેકશન મેળવવા માટે નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગની કચેરી વઢવાણ ખાતે અરજી કરી હતી. જે વીજ કનેકશન આપવા માટેની કાર્યવાહી માટે ફરીયાદીએ વઢવાણ પી.જી.વી. સી.એલ, પેટાવિભાગની કચેરીના નાયબ ઈજનેર પરેશકુમાર વિઠ્ઠલદાસ પંચાલનો રૂબરૂ સંપર્ક કરતા તેમણે કનેક્શન આપવા માટે રૂ. ૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કરતા ફરીયાદીની ફરીયાદ આધારે ગોઠવેલા લાંચના છટકા દરમ્યાન ઈજનેર પરેશકુમારે લાંચની રકમ સ્વીકારતા રંગે હાથ ઝડપી પાડયો હતો. અને પોલીસે લાંચ અંગેનો ગુન્હો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ એસીબીની સફળ ટ્રેપ ઈન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી.પટેલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

